**07.09.2020** **પ્રાતઃમુરલી**
**ઓમ શાંતિ**
**બાપદાદા** **મધુબન**

**" મીઠા બાળકો - બાપ આવ્યાં છે આપ જૂનાં ભક્તો ને ભક્તિ નું ફળ આપવાં . ભક્તિ નું ફળ છે જ્ઞાન , જેનાથી જ તમારી સદ્દગતિ થાય છે "**

**પ્રશ્ન :-** ઘણાં બાળકો ચાલતા-ચાલતા તકદીર ને જાતે જ શૂટ (ખતમ) કરે છે કેવી રીતે?

**ઉત્તર :-** જો બાપ નાં બનીને સર્વિસ (સેવા) નથી કરતાં, પોતાનાં પર અને બીજાઓ પર રહેમ નથી કરતાં તો તે પોતાની તકદીરને શૂટ કરે છે અર્થાત્ પદ ભ્રષ્ટ થઈ જાય છે. સારી રીતે ભણે, યોગ માં રહે તો પદ પણ સારું મળે. સર્વિસએબુલ (સેવાધારી) બાળકો ને તો સર્વિસ નો ખુબ શોખ હોવો જોઈએ.

**ગીત :-** કોન આયા સવેરે - સવેરે ...

**ઓમ શાંતિ !** રુહાની બાળકો સમજે છે આપણે આત્મા છીએ, ન કે શરીર. અને આ જ્ઞાન હમણાં જ મળે છે-પરમપિતા પરમાત્મા થી. બાપ કહે છે જ્યારે હું આવ્યો છું તો તમે પોતાને આત્મા નિશ્ચય કરો. આત્મા જ શરીર માં પ્રવેશ કરે છે. એક શરીર છોડી બીજું લેતી રહે છે. આત્મા નથી બદલાતી, શરીર બદલાય છે. આત્મા તો અવિનાશી છે, તો પોતાને આત્મા સમજવાનું છે. આ જ્ઞાન ક્યારેય કોઈ આપી ન શકે. બાપ આવ્યાં છે બાળકોની પોકાર પર. આ પણ કોઈને ખબર નથી કે આ પુરુષોત્તમ સંગમયુગ છે. બાપ આવી ને સમજાવે છે મારું આવવાનું થાય છે કલ્પ નાં પુરુષોત્તમ સંગમયુગ પર જ્યારે કે આખું વિશ્વ પુરુષોત્તમ બને છે. આ સમયે તો આખું વિશ્વ કનિષ્ટ પતિત છે. તેને કહેવાય છે અમરપુરી, આ છે મૃત્યુલોક. મૃત્યુલોક માં આસુરી ગુણવાળા મનુષ્ય હોય છે, અમરલોક માં દેવી ગુણવાળા મનુષ્ય છે એટલે તેમને દેવતા કહેવાય છે. અહીંયા પણ સારા સ્વભાવ વાળા ને કહેવાય છે-આ તો જેમ દેવતા છે. કોઈ દેવી ગુણવાળા હોય છે, આ સમયે બધાં છે આસુરી ગુણવાળા મનુષ્ય. ૫ વિકારો માં ફસાયેલાં છે ત્યારે ગાએ છે આ દુઃખ થી આવીને લિબરેટ (મુક્ત) કરો. કોઈ એક સીતા ને નથી છોડાવી. બાબા એ સમજાવ્યું છે ભક્તિ ને સીતા કહેવાય, ભગવાન ને રામ કહેવાય. જે ભક્તો ને ફળ આપવા આવે છે. આ બેહદ નાં રાવણ રાજ્ય માં આખી દુનિયા ફસાયેલી છે. તેમને લિબરેટ કરી રામ રાજ્ય માં લઈ જાય છે. રઘુપતિ રાઘવ રાજા રામ ની વાત નથી. તે તો ત્રેતા નાં રાજા હતાં. હમણાં તો બધી આત્માઓ તમોપ્રધાન જડજડીભૂત અવસ્થામાં છે, સીડી ઉતરતા-ઉતરતા નીચે આવી ગયાં છે. પૂજ્ય થી પૂજારી બની ગયાં છે. દેવતાઓ કોઈની પૂજા નથી કરતાં. તે તો છે પૂજ્ય. પછી તે જ્યારે વૈશ્ય, શુદ્ર બને છે તો પૂજા શરું થાય છે, વામ માર્ગ માં આવવાથી પૂજારી બને છે, પૂજારી દેવતાઓનાં ચિત્રો નાં આગળ નમન કરે છે, આ સમયે કોઈ એક પણ પૂજ્ય હોઈ ન શકે. ઊંચે થી ઊંચા ભગવાન પૂજ્ય, પછી છે સતયુગી દેવતાઓ પૂજ્ય. આ સમયે તો બધાં પુજારી છે. પહેલા-પહેલા શિવ ની પૂજા થાય છે, તે છે અવ્યભિચારી પૂજા. તે સતોપ્રધાન પછી સતો પછી દેવતાઓથી પણ ઉતરી જળ ની, મનુષ્યો ની, પક્ષીઓ વગેરે ની પૂજા કરવા લાગી જાય છે. દિવસ-પ્રતિ દિવસ અનેકો ની પૂજા થવાં લાગે છે. આજકાલ રિલીઝસ કોન્ફરન્સ (ધાર્મિક સંમેલન) પણ ખુબ થતી રહે છે. ક્યારેક આદિ સનાતન ધર્મ વાળાની, ક્યારેક જૈનીઓની, ક્યારેક આર્ય સમાજીઓની. અનેકોને બોલાવે છે કારણ કે દરેક પોતાનાં ધર્મ ને તો ઉંચો સમજે છે ને. દરેક ધર્મ માં કોઈને કોઈ વિશેષ ગુણ હોવાનાં કારણે તે પોતાને મોટા સમજે છે. જૈનિયો માં પણ અલગ-અલગ હોય છે. ૫-૭ વેરાઈટી (વિવિધતા) હશે. એમાં પછી કોઈ નગ્ન પણ રહે છે. નગ્ન બનવાનો અર્થ નથી સમજતાં. ભગવાનુવાચ છે નગ્ન અર્થાત્ અશરીરી આવ્યાં હતાં પછી અશરીરી બનીને જવાનું છે. તે પછી કપડા ઉતારી નગ્ન બની જાય છે. ભગવાનુવાચ નાં અર્થ ને નથી સમજતાં. બાપ કહે છે તમે આત્માઓ અહીંયા આ શરીર ધારણ કરી પાર્ટ ભજવવા આવી છો, પછી પાછું જવાનું છે, આ વાતોને આપ બાળકો સમજો છો. આત્મા જ પાર્ટ ભજવવા આવે છે, ઝાડ વૃદ્ધિ ને પામતું રહે છે. નવા-નવા પ્રકારનાં ધર્મ ઈમર્જ (જાગૃત) થતાં રહે છે. એટલે આને વેરાઈટી નાટક કહેવાય છે. વેરાયટી ધર્મોનું ઝાડ છે. ઈસ્લામી જુઓ કેટલાં કાળા છે. તેમની પણ ખુબ બ્રાન્ચેઝ (શાખાઓ) નીકળે છે. મોહમ્મદ તો પછી આવ્યાં છે. પહેલાં છે ઈસ્લામી. મુસલમાનો ની સંખ્યા ખુબ છે, આફ્રિકા માં કેટલાં સાહૂકાર છે સોના-હીરા ની ખાણો છે. જ્યાં ખુબ ધન જોવે છે તો તેનાં પર ચઢાઈ કરી ધનવાન બને છે. ક્રિશ્ચિયન લોકો પણ કેટલાં ધનવાન બન્યાં છે. ભારત માં પણ

ધન છે, પરંતુ ગુપ્ત. સોનુ વગેરે કેટલું પકડતાં રહે છે. હવે દિગંબર જૈન સભા વાળા કોન્ફરન્સ વગેરે કરતાં રહે છે, કારણ કે દરેક પોતાને મોટા સમજે છે ને. આ આટલાં ધર્મ બધાં વધતાં રહે છે, ક્યારેક વિનાશ પણ થવાનો છે, કાંઈ પણ સમજતાં નથી. બધાં ધર્મો માં ઊંચ તો તમારો બ્રાહ્મણ ધર્મ જ છે, જેની કોઈને ખબર નથી. કળયુગી બ્રાહ્મણ પણ ખુબ છે. પરંતુ તે છે કુખ વંશાવલી બ્રાહ્મણ. પ્રજાપિતા બ્રહ્મા નાં મુખ વંશાવલી બ્રાહ્મણ, તે તો બધાં ભાઈ-બહેન હોવાં જોઈએ. જો તે પોતાને બ્રહ્માની સંતાન કહેવડાવે છે, તો ભાઈ-બહેન જ થયાં પછી લગ્ન પણ કરી ન શકે. સિદ્ધ થાય છે તે બ્રાહ્મણ બ્રહ્માનાં મુખ વંશાવલી નથી, ફક્ત નામ રાખી દે છે. વાસ્તવ માં દેવતાઓથી પણ ઊંચા બ્રાહ્મણો ને કહેશે, ચોટી છે ને. આ બ્રાહ્મણ જ મનુષ્યો ને દેવતા બનાવે છે. ભણાવવા વાળા છે પરમપિતા પરમાત્મા, સ્વયં જ્ઞાનનાં સાગર. આ કોઈને પણ ખબર નથી. બાપ નાં પાસે આવીને બ્રાહ્મણ બનીને પછી પણ કાલે શૂદ્ર બની પડે છે. જૂનાં સંસ્કાર બદલવામાં ખુબ મહેનત લાગે છે. પોતાને આત્મા નિશ્ચય કરી બાપ થી વારસો લેવાનો છે, રુહાની બાપ થી રુહાની બાળકો જ વારસો લેશે. બાપ ને યાદ કરવામાં જ માયા વિઘ્ન નાખે છે. બાપ કહે હથ કાર ડે દિલ યાર ડે. આ છે ખુબ સહજ. જે આશિક-માશૂક હોય છે જે એક-બીજાને જોયાં વગર રહી ન શકે. બાબા તો માશૂક જ છે. આશિક બધાં બાળકો છે જે બાપ ને યાદ કરતાં રહે છે. એક બાપ જ છે જે ક્યારેય કોઈના પર આશિક નથી થતાં કારણ કે એમનાથી ઊંચું તો કોઈ છે નહીં. બાકી હા બાળકો ની મહિમા કરે છે, તમે ભક્તિમાર્ગ થી લઈને મુજ માશૂક નાં બધાં આશિક છો. બોલાવો પણ છો કે આવીને દુઃખ થી લિબરેટ કરી પાવન બનાવો. તમે બધાં છો બ્રાઈડસ (સજની), હું છું બ્રાઈડગ્રુમ (સાજન). તમે બધાં આસુરી જેલ માં ફસાયેલાં છો, હું આવીને છોડાવું છું. અહીંયા મહેનત ખુબ છે ક્રિમિનલ (અપવિત્ર) આંખ દગો આપે છે, સિવિલ (પવિત્ર) આંખ બનવામાં મહેનત લાગે છે. દેવતાઓનાં કેટલાં સારા કેરેક્ટર્સ (ચરિત્ર) છે, હવે એવાં દેવતા બનાવવા વાળા જરુર જોઈએ ને.

કોન્ફરન્સ માં ટોપીક (વિષય) રાખ્યો છે "માનવ જીવનમાં ધર્મ ની આવશ્યકતા". ડ્રામાને ન જાણવાનાં કારણે મૂંઝાયેલાં છે. તમારા સિવાય કોઈ સમજાવી ન શકે. ક્રિશ્ચિયન અથવા બૌદ્ધી વગેરે ને આ થોડી ખબર છે કે ક્રાઈસ્ટ, બુદ્ધ વગેરે પછી ક્યારે આવશે! તમે ઝટ હિસાબ-કિતાબ બતાવી શકો છો. તો સમજાવવું જોઈએ ધર્મ ની તો આવશ્યકતા છે ને. પહેલા-પહેલા કયો ધર્મ હતો, પછી કયા ધર્મ આવે છે! આપણા ધર્મ વાળા પણ પૂરું સમજતા નથી. યોગ નથી લગાવતાં. યોગ વગર તાકાત નથી આવતી, જોહર (બળ) નથી ભરાતું. બાપને જ ઓલમાઈટી ઓથોરિટી (સર્વ શક્તિવાન સત્તા) કહેવાય છે. તમે કેટલાં ઓલમાઈટી બનો છો, વિશ્વનાં માલિક બની જાઓ છો. તમારા રાજ્ય ને કોઈ છીનવી ન શકે. તે સમયે બીજા કોઈ ખંડ હોતાં નથી. હમણાં તો કેટલાં ખંડ છે. આ સૃષ્ટિ ચક્ર કેવી રીતે ફરે છે. ૫ હજાર વર્ષનું આ ચક્ર છે, બાકી સૃષ્ટિ લાંબી કેટલી છે. તે થોડી માપી શકે. ધરતી ને માપી શકે છે. સાગર ને તો કરી ન શકે. આકાશ અને સાગર નો અંત કોઇ પામી ન શકે. તો સમજાવવાનું છે-ધર્મ ની આવશ્યકતા કેમ છે! આખું ચક્ર બન્યું જ છે ધર્મો પર. આ છે જ વેરાયટી ધર્મોનું ઝાડ, આ ઝાડ છે આંધળોની આગળ અરીસો.

તમે હમણાં બહાર સર્વિસ પર નીકળ્યાં છો, ધીરે-ધીરે તમારી વૃદ્ધિ થતી જાય છે. તોફાન લાગવાથી ઘણાં પત્તા ખરે પણ છે ને. બીજા ધર્મો માં તોફાન લાગવાની વાત નથી રહેતી. તેમને તો ઉપર થી આવવાનું જ છે, અહીંયા તમારી સ્થાપના ખુબ વન્ડરફુલ (અદ્દભુત) છે. પહેલા-પહેલા વાળા ભગત જે છે તેમને જ આવીને ભગવાને ફળ આપવાનું છે, પોતાનાં ઘરે લઈ જવાનું. બોલાવે પણ છે અમને આત્માઓને પોતાનાં ઘરે લઈ જાઓ. આ કોઈને ખબર નથી કે બાપ સ્વર્ગનું પણ રાજ્ય-ભાગ્ય આપે છે. સન્યાસી લોકો તો સુખ ને માનતાં જ નથી. તે ઈચ્છે છે મોક્ષ થાય. મોક્ષ ને વારસો નથી કહેવાતો. સ્વયં શિવબાબા ને પણ પાર્ટ ભજવવો પડે છે તો પછી કોઈને મોક્ષમાં કેવી રીતે રાખી શકે. તમે બ્રહ્માકુમાર-કુમારીઓ પોતાનાં ધર્મને અને બધાનાં ધર્મ ને જાણો છો. તમને તરસ પડવો જોઈએ. ચક્રનું રહસ્ય સમજાવવું જોઈએ. બોલો, તમારા ધર્મ સ્થાપક પછી પોતાનાં સમય પર આવશે. સમજાવવા વાળા પણ હોશિયાર જોઈએ. તમે સમજાવી શકો છો કે દરેક ને સતોપ્રધાન થી સતો-રજો-તમો માં આવવાનું જ છે. હમણાં છે રાવણ રાજ્ય. તમારી છે સાચી ગીતા, જે બાપ સંભળાવે છે. ભગવાન નિરાકાર ને જ કહેવાય છે. આત્મા નિરાકાર ગોડફાધર ને બોલાવે છે. ત્યાં તમે આત્માઓ રહો છો. તમને પરમાત્મા થોડી કહેશે. પરમાત્મા તો એક જ છે ઊંચે થી ઊંચા ભગવાન, પછી બધી છે આત્માઓ બાળકો. સર્વના સદ્દગતિ દાતા એક છે પછી છે દેવતાઓ. એમાં પણ નંબરવન છે કૃષ્ણ કારણ કે આત્મા અને શરીર બંને પવિત્ર છે. તમે છો સંગમયુગી. તમારું જીવન અમૂલ્ય છે. દેવતાઓનું નહીં, બ્રાહ્મણોનું અમૂલ્ય જીવન છે. બાપ

તમને બાળક બનાવી પછી તમારા પર કેટલી મહેનત કરે છે, દેવતાઓ થોડી આટલી મહેનત કરશે. તે ભણાવવા માટે બાળકોને સ્કૂલ મોકલી દેશે. અહીંયા બાપ બેસી તમને ભણાવે છે. તે બાપ શિક્ષક ગુરુ ત્રણેવ છે. તો કેટલો રીગાર્ડ (સમ્માન) હોવો જોઈએ. સર્વિસએબુલ બાળકોને સર્વિસ નો ખુબજ શોખ હોવો જોઈએ. ખુબ થોડાં છે જે સારા હોશિયાર છે તો સર્વિસ માં લાગેલાં છે. હેન્ડસ (સહયોગી) તો જોઈએ ને. લડાઈના મેદાનમાં જવા માટે જેમને શીખવાડે છે તેમને નોકરી વગેરે બધું છોડાવી દે છે. તેમની પાસે લિસ્ટ રહે છે. પછી મિલેટ્રી ને કોઈ રિફ્યૂઝ (મનાઈ) કરી ન શકે કે અમે મેદાન પર નહીં જઈએ. ડ્રિલ શીખવાડે છે કે જરુરત પર બોલાવી લેશે. રિફ્યૂઝ કરવાવાળા પર કેસ ચલાવે છે. અહીંયા તો તે વાત છે નહીં. અહીંયા પછી જે સારી રીતે સર્વિસ નથી કરતા તો પદ ભ્રષ્ટ થઈ જાય છે. સર્વિસ નથી કરતા એટલે પોતે પોતાને શૂટ (ખતમ) કરે છે. પદ ભ્રષ્ટ થઈ જાય છે. પોતાની તકદીર ને શૂટ કરી દે છે. સારી રીતે ભણે, યોગ માં રહે તો પદ પણ સારું મળે. પોતાનાં પર રહેમ કરવાનો હોય છે. પોતાનાં પર કરે તો બીજા પર પણ કરે. બાપ દરેક પ્રકાર ની સમજણ આપતાં રહે છે. આ દુનિયાનું નાટક કેવી રીતે ચાલે છે, તો રાજધાની પણ સ્થાપન થાય છે. આ વાતોને દુનિયા નથી જાણતી. હવે નિમંત્રણ તો મળે છે. ૫-૧૦ મિનિટમાં શું સમજાવી શકશે. એક-બે કલાક આપે તો સમજાવી પણ શકે. ડ્રામા ને તો બિલકુલ જાણતાં નથી. પોઇન્ટસ સારી-સારી જ્યાં-ત્યાં લખી દેવી જોઈએ. પરંતુ બાળકો ભૂલી જાય છે. બાપ ક્રિયેટર (રચયિતા) પણ છે, આપ બાળકોને ક્રિયેટ (રચના) કરે છે. પોતાનાં બનાવ્યાં છે, ડાયરેક્ટર બની ડાયરેક્શન પણ આપે છે. શ્રીમત આપી અને પછી એક્ટ (કર્મ) પણ કરે છે. જ્ઞાન સંભળાવે છે. આ પણ એમનું ઊંચે થી ઊંચું એક્ટ છે ને. ડ્રામા નાં ક્રિયેટર, ડાયરેક્ટર અને મુખ્ય એક્ટર ને ન જાણ્યા તો શું થયાં? અચ્છા!

મીઠા-મીઠા સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપની રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સાર :-**

1. આ અમૂલ્ય જીવન માં ભણાવવા વાળા શિક્ષકનો ખુબ-ખુબ રીગાર્ડ રાખવાનો છે, ભણતર માં સારા હોશિયાર બની સર્વિસમાં લાગવાનું છે. પોતાનાં ઉપર પોતે જ રહેમ કરવાનો છે.
2. પોતે પોતાને સુધારવા માટે સિવિલાઈજડ (પવિત્ર) બનવાનું છે. પોતાનું કેરેક્ટર (ચરિત્ર) સુધારવાનું છે. મનુષ્યો ને દેવતા બનાવવાની સેવા કરવાની છે.

**વરદાન :-** **સંકલ્પ અને બોલ નાં વિસ્તાર ને સાર માં લાવવા વાળા અંતર્મુખી ભવ**

વ્યર્થ સંકલ્પો નાં વિસ્તાર ને સમેટી સાર રુપમાં સ્થિત થવું તથા મુખ નાં અવાજ નાં વ્યર્થ ને સમેટી સમર્થ અર્થાત્ સાર રુપમાં લઈ આવવું-આ જ છે અંતર્મુખતા. આવાં અંતર્મુખી બાળકો જ સાઇલેન્સ (શાંતિ) ની શક્તિ દ્વારા ભટકતી આત્માઓને સાચું ઠેકાણું દેખાડી શકે છે. આ સાઇલેન્સ ની શક્તિ અનેક રુહાની રંગત દેખાડે છે. સાઇલેન્સ ની શક્તિ થી દરેક આત્માનો મનનો અવાજ એટલો સમીપ સંભળાય છે જેમ કોઇ સન્મુખ બોલી રહ્યાં છે.

**સ્લોગન :-** સ્વભાવ, સંસ્કાર, સંબંધ, સંપર્ક માં લાઈટ રહેવું અર્થાત્ ફરિશ્તા બનવું.